ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨

ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

PGVCL

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

PGVCL

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૩૭/૧૯-૨૦/ 3108

તારીખ : [redacted]7 AUG 2019

**આર.પી.એ.ડી.**

કેસ નં.૩૭/૧૯-૨૦

પ્રતિ,
મે. દીપ સિરામીક ઈન્ડ.,
પોસ્ટ બોક્ષ નં.૯૩, અમરાપર,
થાનગઢ-૩૬૩ ૫૩૦.
**ફો.નં. ૦૨૭૫૧ ૨૨૦૬૨૮.**

**વિષય : અમારા એચ.ટી. કનેકશનની ડીપોઝીટ પર વ્યાજ મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૭/૦૬/૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૭/૧૯-૨૦/૨૪૦૩ તા.૨૭/૦૬/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૭/૧૯-૨૦/૨૭૬૮ તા.૧૯/૦૭/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૩૦/૦૭/૨૦૧૯ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **થાનગઢ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૩૭/૧૯–૨૦**

વાદી :– મે. દીપ સિરામીક ઈન્ડ.

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખ:– ૩૦.૦૭.૨૦૧૯**

હાજર રહયા :– શ્રી રજનીકાંત શાંતીલાલ શાહ – (વાદીના પ્રતિનીધી)

પ્રતિવાદી :– શ્રી એચ. પી. રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મે. દીપ સિરામીક ઈન્ડ., મુ.અમરાપર–થાનગઢ જી.સુરેન્દ્રનગરની અમારા એચ.ટી. કનેકશનની ડીપોઝીટ પર વ્યાજ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૭/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૩૭/૧૯–૨૦/૨૪૦૩ તા.૨૭.૦૬.૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૩૦.૦૭.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી વતી તેમના અધિકૃત પ્રતિનીધી શ્રી રજનીકાંત શાંતીલાલ શાહ હાજર રહેલ છે તથા પ્રતિવાદી તરફે શ્રી એચ. પી. રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમારી રજુઆત છે કે ડીપોઝીટ રકમનું વ્યાજ તા.૦૧.૦૪.૧૬ થી વીજજોડાણ કપાણું ત્યારથી અને તે પહેલાનો ૧/૩ યુનિટનો લાભ પણ મળેલ નથી. ડીપોઝીટની રકમ નીચે મુજબ જમા થયેલ છે.

| | | | |
|---|---|---|---|
| તા.૧૭.૦૪.૧૮ ૨૬૩૪૫૧ | એસ.બી.આઈ. | પીજીવીસીએલ | રૂા.૫,૦૦,૦૦૦/– |
| તા.૧૭.૦૪.૧૮ ૨૬૩૪૫૨ | એસ.બી.આઈ. | પીજીવીસીએલ | રૂા.૪,૪૩,૮૧૭/– |
| | | કુલ... | રૂા.૯,૪૩,૮૧૭– |

૧.૨ અમોએ નીચે મુજબની રકમ પીજીવીસીએલમાં જમા કરેલ છે.

| તારીખ | ચલણ નં. | રકમ રૂા. |
|---|---|---|
| ૨૦.૦૫.૯૭ | ૯૭૪૨૬ | ૨૮૪૧૩૫/– |
| ૨૧.૦૬.૧૦ | ૪૦૫૨૦ | ૨૪૦૦૧/– |



P.G.V.C.L. Bhavnagar.

૦૫.૦૭.૧૧ ૬૬૦૫૮ ૫૦૦૫૪/-

૧૦.૦૫.૧૩ YR૧૦૦૩૧ ૫૮૫૬૨૭/-

૧.૩ આ સાથે બીલની કોપી તથા નાઈટ ટેરીફની વિગત સામેલ છે. તો આપશ્રીને અમારી નમ્ર અરજ છે કે અમારી તારીખ ૨૬.૦૩.૧૯ ના પત્ર મુજબ ૨ વર્ષનું વ્યાજ અને નાઈટ ટેરીફ નો લાભ આપવા વિનંતી.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– તા.૩૦.૦૭.૧૯ ના રોજ વાદીની લેખિત રજુઆત નીચે મુજબ છે:–**

૧.૪ એપ્રિલ–૨૦૧૬ થી નાઈટ ટેરીફનો લાભ અમોને મળેલ નથી.

૧.૫ એપ્રિલ માં ૨૦૧૬ પહેલા જો ટોટલ યુનિટનાં ૧/૩ કરતાં વધારે નાઈટમાં યુનિટમાં વપરાયેલા હોય તો તેનો લાભ મળેલ નથી.

૧.૬ અમારા વીજજોડાણની ડીપોઝીટ ઉપરનું વ્યાજ પી.ડી.સી. થયા પછી આશરે ૨ વર્ષ પછી એક વર્ષનું વ્યાજ ૧૫ દિવસ પહેલા મળેલ છે. એટલે કે ડીપોઝીટ પરત અમોને ૧૬.૦૪.૧૮ મળેલ. તેથી ૨૦૧૬–૧૭ નું વ્યાજ મળેલ છે. પરંતુ ૨૦૧૭–૧૮ નું વ્યાજ અમોને મળેલ નથી. તેથી તે વ્યાજ અપાવવા વિનંતી. બીજુ કે આ બન્ને વર્ષના વ્યાજ ઉપરનું વ્યાજ આપવા વિનંતી.

૧.૭ PF જે ટોટલ યુનિટ પર લાગવો જોઈએ તેના બદલે નાઈટ યુનિટ બાદ કરીને PF ની ગણત્રી કરેલ છે, જે અમોને રીવાઈઝ ગણત્રી કરીને આપવા વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ મે. દીપ સીરામીક ઈન્ડસ્ટ્રીઝ એ તા.૦૪.૦૪.૧૭ ના રોજ એચ.ટી. કનેકશન રદ કરાવવાની અરજી કરેલ, તે અરજીના અનુસંધાને વર્તુળ કચેરી દવારા એસ.એન.સી./એબી/રેવ/૩૯૯૮ તા.૨૭.૦૬.૧૭ ના રોજ પી.ડી.સી./એગ્રીમેન્ટ ટર્મિનેશન તા.૩૦.૦૪.૧૭ ની ઈફેકટથી મળેલ છે.

૨.૨ મે. દીપ સીરામીક ઈન્ડસ્ટ્રીઝ દવારા તા.૦૬.૦૧.૧૮ ના રોજ સીકયોરીટી ડીપોઝીટની રકમ પરત લેવા અરજી કરેલ, જેમાં ગ્રાહક દવારા ઓરીજનલ રસીદ રજુ કરેલ ન હતી પરંતુ ગ્રાહકે ઓરીજનલ રસીદની જગ્યાએ ઈન્ડેમનીટી બોન્ડ આપેલ અને અરજદાર દવારા માંગણી કર્યા સમયથી નિયત સમયમાં ગ્રાહકને તેમની ડીપોઝીટની રકમ તા.૧૧.૦૪.૧૮ ના રોજ રૂા.૯,૪૩,૮૧૭.૦૦ પરત આપેલ છે.

૨.૩ મે. દીપ સીરામીક ઈન્ડસ્ટ્રીઝની ડીપોઝીટ ઉપર વ્યાજ જે સીસ્ટમ કેલ્કયુલેશન કરે છે તે મુજબ રૂા.૭૦,૫૮૨.૦૦ ચેક નં.૭૪૦૦૮૮ તા.૧૦.૦૭.૧૯ ના રોજ પેમેન્ટ કરેલ છે.

૨.૪ મે. દીપ સીરામીક ઈન્ડસ્ટ્રીઝને ટેરીફ પ્રમાણે નાઈટ યુનિટનાં રીબેટ મળેલ નથી, જેની ગણતરી અત્રેની કચેરી દવારા એપ્રિલ–૧૬ થી કરેલ છે, જેના ગ્રાહકને રૂા.૨૪૧૫૫.૦૦ રીફંડ મળવાપાત્ર છે. જે આ મુજબ છે.

Grievance Redressal P.G.V.C.L. Bhavnagar

| STATEMENT FOR NIGHT UNIT REFUND AS NIGHT UNIT WAS NOT CONSIDERED IN HT BILLING SYSTEM FROM APR-16 TO APR-2017 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| HT CONSUMER NO. | | 17523 | | | | | | |
| HT CONSUMER NAME | | M/S DEEP CERAMICS | | | | | | |
| SR NO. | MONTH | NIGHT UNIT | | | NIGHT UNIT WITH MF | Concession of Night Tariff @ 0.40 P/Unit from Apr-2016 | Refund of ED | TOTAL REFUND |
| | | PAST | PRESENT | DIFF. | | | | |
| 1 | Apr-16 | 624923 | 627098 | 2175 | 6525 | 2610.00 | 391.5 | 3001.50 |
| 2 | May-16 | 627098 | 627684 | 586 | 1758 | 703.20 | 105.48 | 808.68 |
| 3 | Jun-16 | 627684 | 628290 | 606 | 1818 | 727.20 | 109.08 | 836.28 |
| 4 | Jul-16 | 628290 | 636059 | 7769 | 23307 | 9322.80 | 1398.42 | 10721.22 |
| 5 | Aug-16 | 636059 | 638287 | 2228 | 6684 | 2673.60 | 401.04 | 3074.64 |
| 6 | Sep-16 | 638287 | 638890 | 603 | 1809 | 723.60 | 108.54 | 832.14 |
| 7 | Oct-16 | 638890 | 639439 | 549 | 1647 | 658.80 | 98.82 | 757.62 |
| 8 | Nov-16 | 639439 | 640095 | 656 | 1968 | 787.20 | 118.08 | 905.28 |
| 9 | Dec-16 | 640095 | 640752 | 657 | 1971 | 788.40 | 118.26 | 906.66 |
| 10 | Jan-17 | 640752 | 641347 | 595 | 1785 | 714.00 | 107.1 | 821.10 |
| 11 | Feb-17 | 641347 | 641763 | 416 | 1248 | 499.20 | 74.88 | 574.08 |
| 12 | Mar-17 | 641763 | 642133 | 370 | 1110 | 444.00 | 66.6 | 510.60 |
| 13 | Apr-17 | 642133 | 642427 | 294 | 882 | 352.80 | 52.92 | 405.72 |
| TOTAL | | | | | | 21004.80 | 3150.72 | 24155.52 |

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર મે.દીપ સીરામીક ઈન્ડસ્ટ્રીઝના નામનું ગ્રાહક નં.૧૭૫૨૩ એચ.ટી. વીજજોડાણ ૨૫૦ કે.વી.એ.નું ગામ–થાનગઢમાં તા.૩૦.૦૪.૧૭ સુધી ધરાવતાં હતાં.

૩.૨ વાદીનાં એચ.ટી. વીજજોડાણનું બીલીગ એચ.ટી.પી.–૧ ટેરીફ હેઠળ કરવામાં આવતું હતું. વાદીની અરજી પરથી પ્રતિવાદીએ તા.૩૦.૦૪.૧૭ ના રોજ વાદીનું ૨૫૦ કેવીએનું એચ.ટી. કનેકશન કાયમી ધોરણે રદ કરેલ.

૩.૩ વાદીએ તા.૦૬.૦૧.૧૮ ના રોજ પ્રતિવાદીને તેમના વીજજોડાણ પેટેની સીકયોરીટી ડીપોઝીટ રીફંડ માટે રજુ કરેલ, જે પ્રતિવાદીએ રૂ.૯,૪૩,૮૧૭/– તા.૧૧.૦૪.૧૮ ના રોજ વાદીને રીફંડ કરેલ.

૩.૪ વાદીએ ફોરમને તા.૨૬.૦૩.૧૯ ના રોજ તેમજ તા.૧૭.૦૬.૧૯ ના રોજ લેખિત રજુઆત કરેલ છે કે તેઓની સીકયોરીટી ડીપોઝીટ પરનું ૨ વર્ષનું વ્યાજ પરત મળેલ નથી તેમજ નાઈટ ટેરીફ પરનો મળવાપાત્ર લાભ વાદીને મળેલ નથી. તેમજ વાદીએ જણાવેલ છે કે તા.૦૧.૦૪.૧૬ થી વીજજોડાણ કપાયું ત્યારથી અને તે પહેલાના ૧/૩ યુનિટનો લાભ મળેલ નથી.



P.G.V.C.L

૩.૫ પ્રતિવાદીએ વાદીની સીકયોરીટી ડીપોઝીટ રીફંડ માટેની અરજી તા.૦૬.૦૧.૧૮ ના રોજ સ્વિકારેલ છે. વાદીનું વીજજોડાણ તા.૩૦.૦૪.૧૭ ના રોજ કાયમી ધોરણે પ્રતિવાદીએ રદ કરેલ. વાદીની સીકયોરીટી ડીપોઝીટ રીફંડની તા.૦૬.૦૧.૧૮ ની અરજી પરથી પ્રતિવાદીએ તા.૧૧.૦૪.૧૮ ના રોજ સીકયોરીટી ડીપોઝીટ રીફંડ કરેલ છે અને વાદીને પ્રતિવાદીએ વર્ષ ૨૦૧૬–૧૭ નું વ્યાજ તેમજ વર્ષ ૨૦૧૭–૧૮ નું એપ્રિલ–૧૮ સુધીનું વ્યાજની રકમ વાદીને રૂા.૭૦,૫૮૨/– ડીપોઝીટનાં વ્યાજ પેટે તા.૧૦.૦૭.૧૯ ના રોજ ચુકવેલ છે. એટલે કે વાદીને પ્રતિવાદીએ તેમની ડીપોઝીટ રીફંડ થઈ ત્યાં સુધીની ગણત્રી કરી ચુકવેલ છે. આમ, પ્રતિવાદીએ વાદીને વ્યાજની મળવાપાત્ર રકમ રૂા.૭૦,૫૮૨/– તા.૧૦.૦૭.૧૯ ના રોજ ચુકવેલ છે, જે નિયમ મુજબ છે. માટે વાદીએ માંગણી કરેલ વ્યાજ પર વ્યાજની માંગણી સ્વિકારી શકાય નહી, સ્વિકારવામાં આવતી નથી.

૩.૬ જી.ઈ.આર.સી.ના **Determination of tariff for** F.Y. ૨૦૧૬–૧૭ નાં ટેરીફ શેડયુલના કલોઝ નં.૧૩.૧૦ મુજબ CONCESSION FOR USE OF ELECTRICITY DURING NIGHT HOURS : For the consumer eligible for using supply at any time during 24 hours, entire consumption shall be billed at the energy charges specified above. However, the energy consumed during night hours of 10.00 PM to 06.00 AM next morning shall be eligible for concession at the rate of 40 Paise per unit.

૩.૭ ઉપરોકત તારણ નં.૩.૬ માં જણાવ્યા મુજબ એપ્રિલ–૧૬ થી એપ્રિલ–૧૭ એટલે કે વાદીનું વીજજોડાણ પી.ડી.સી. થયું ત્યાં સુધી વાદીને નાઈટ ટેરીફ પર મળવાપાત્ર કન્શેશનની ગણત્રી પ્રતિવાદીએ ( ૨.૪ મુજબ એપ્રિલ–૧૬ થી એપ્રિલ–૧૭ સુધીનું ) સ્ટેટમેન્ટ આપેલ છે. જે મુજબ વાદી નાઈટ ટેરીફ કન્શેશન રૂા.૨૪,૧૫૫.૫૨ મેળવવાને પાત્ર છે.

૩.૮ વાદીએ તા.૦૧.૦૪.૧૬ પહેલાનાં નાઈટ ટેરીફ પર મળતું કન્શેશનનો લાભ મળવો જોઈએ તેવી રજુઆત કરેલ છે.

**Determination of tariff for** F.Y. ૨૦૧૬–૧૭ નાં ટેરીફ શેડયુલના કલોઝ નં.૧૩.૧૦ મુજબ CONCESSION FOR USE OF ELECTRICITY DURING NIGHT HOURS : For the consumer eligible for using supply at any time during 24 hours, entire consumption shall be billed at the energy charges specified above. However, the energy consumed during night hours of 10.00 PM to 06.00 AM next morning shall be eligible for concession at the rate of 40 Paise per unit.



...V.C.L ...agar.

.૩.૯ વાદીએ ઉપરોકત તારણ નં.૩.૮ મુજબ તેઓના વીજવપરાશનું ૧/૩ કન્ઝમ્પશન થી વધારેના રાત્રી દરમ્યાન થયેલ વીજવપરાશ પર મળતો નાઈટ ટેરીફના કન્શેશન માટે રજુઆત કરેલ છે પરંતુ તેઓને તે કયા માસમાં મળેલ નથી તથા કયા માસમાં મળેલ છે તેવી કોઈ રજુઆત ફોરમને કરેલ નથી. પ્રતિવાદીએ ફોરમને કરેલ રજુઆત મુજબ વાદીએ આશરે ૫ વર્ષ પછી ફોરમને રજુઆત કરેલ હોય જી.ઈ.આર.સી. ના નોટીફીકેશ નં.૨/૨૦૧૧ ના કલોઝ નં.૨.૩૦ મુજબ વાદી ફોરમ સમક્ષ રજુઆત કરવા હકકદાર રહેતો નથી.

૪.0 વાદીને તેઓની સીકયોરીટી ડીપોઝીટ રીફંડ મળી ગયેલ છે તેમજ તેના પરનું વ્યાજ પ્રતિવાદીએ તારણ નં.૩.૫ મુજબ ચુકવી દીધેલ છે, જે નિયમોનુસાર છે. તેમજ પ્રતિવાદીએ તારણ નં.૩.૭ મુજબ કરેલી નાઈટ ટેરીફના કન્શેશનની ગણત્રી રૂા.૨૪,૧૫૫.૫૨ દિવસ–૧૫ માં ચુકવવા તેમજ વાદીએ ૨૦૧૬ પહેલાનાં વીજ વપરાશમાં નાઈટ ટેરીફ કન્શેશનની કરેલી માંગણી જી.ઈ.આર.સી. નોટીફીકેશ નં.૨/૨૦૧૧ ના કલોઝ નં.૨.૩૦ મુજબ સ્વિકારવામાં આવતી નથી.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૪.0 મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ગેરહાજર | |
| **(બી. જે. દવે)** | **(પી. એન. આજકીયા)** | **(એમ. આર.વજરીયા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :– ૩૦.૦૭.૨૦૧૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.